# GUJARATI

Name & Signature of the Invigilator

..............................................

..............................................

**PAPER – II**

**CODE-06**

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ....................................

..............................................................................

**Question Booklet Sl. No.**

062503

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   - (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   - (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   - (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example:** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   - (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   - (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ** : (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.

DO NOT WRITE HERE

# GUJARATI
## Paper – II

1. 'બિનધંધાદારી રંગભૂમિનો ઈતિહાસ' ના રચયિતા કોણ છે ?
   (A) દુર્ગાશંકર શાસ્ત્રી
   (B) ધનસુખલાલ મહેતા
   (C) હસમુખ બારાડી
   (D) ઇન્દુ પુવાર

2. કળાની સ્વાયત્તતાના વિચારના પુરસ્કર્તા કોણ હતા?
   (A) એરિસ્ટોટલ
   (B) મેથ્યુ આર્નોલ્ડ
   (C) લોન્જાઈનસ
   (D) ઈમેન્યુઅલ કાન્ટ

3. 'કવિતા અને સાહિત્ય' પુસ્તક કોનું છે ?
   (A) રા. વિ. પાઠક
   (B) ઉમાશંકર જોશી
   (C) રમણભાઈ નીલકંઠ
   (D) આનંદ શંકર ધ્રુવ

4. કંટક શબ્દમાં કયો અનુનાસિક છે ?
   (A) ન (B) મ (C) ણ (D) ઠ

5. સંશોધન પ્રક્રિયાની પ્રથમ ભૂમિકા જણાવો.
   (A) મૂલ્યાંકન (B) પૂર્વધારણા (C) અર્થઘટન (D) પૂર્વવર્તી અભ્યાસ

6. કટોકટીપૂર્ણ ક્ષણનું આલેખન કયા સ્વરૂપનું લક્ષણ છે ?
   (A) ખંડકાવ્ય (B) ફાગુ (C) ઊર્મિકાવ્ય (D) ગઝલ

7. કયા ગ્રંથનું મૂળ નામ 'જય' હતું ?
   (A) જયાજયન્ત (B) રામાયણ (C) મહાભારત (D) જય સોમનાથ

8. 'ગુજરાતનો નાથ' માં ખેંગાર કયા નામથી જાસૂસી કરે છે ?
   (A) દેશળદેવ (B) વિશળદેવ (C) ત્રિભુવન દેવ (D) કૃષ્ણદેવ

9. 'ઇલિયડ' કૃતિમાં હેલનના પતિનું નામ શું છે ?
   (A) હેક્ટર (B) મેનેલોઝ (C) પ્રાયમ (D) એગામેજનોન

10. નીચેનામાંથી કઈ કૃતિ ઉપર પ્રતિબંધ લગાડવામાં આવ્યો હતો?
   (A) ટ્રાયલ (B) આઉટસાઈડર (C) યુલિસિસ (D) ધ રોડ

11. નીચેનામાંથી ક્યું દીર્ઘકાવ્ય દલપતરામનું નથી?
   (A) વેન ચરિત્ર
   (B) હંસ કાવ્ય શતક
   (C) માંગલિક ગરબાવલી
   (D) હુન્નરખાનની ચઢાઈ

12. 'રસમીમાંસા' અંગેનાં વિધાનોમાં કયું વિધાન ભરતમુનિનું નથી ?

(A) આનંદરૂપતા સર્વરસાનામ્

(B) કાવ્યાર્થો રસઃ

(C) નાટ્યે રસાઃ સ્મૃતા

(D) ન હિ રસાવૃતે કશ્ચિત અર્થઃ પ્રવર્તતે !

13. નીચેનામાંથી કયો ગ્રંથ આનંદશંકર ધ્રુવનો નથી ?

(A) દિગ્દર્શન (B) વિવેચના

(C) હિંદુધર્મની બાળપોથી (D) સાહિત્યવિચાર

14. નીચેના કયા શબ્દમાં તત્સમ પ્રત્યય પ્રયોજાયો નથી ?

(A) લાઘવ (B) ભારતીય (C) કાળાશ (D) બુદ્ધિ

15. નીચેનામાંથી કયું સંશોધન પુસ્તક ભોગીલાલ સાંડેસરાનું નથી ?

(A) પ્રાચીન ફાગુસંગ્રહ (B) સાહિત્યકાર પ્રેમાનંદ

(C) સંશોધનની કેડીએ (D) મધ્યકાલીન બારમાસા સંગ્રહ

16. ગઝલ ગોત્રનું સ્વરૂપ નીચેનામાંથી કયું નથી ?

(A) કતઅ (B) મોનો ઈમેજ

(C) રુબાઈ (D) તસ્બી

17. નીચેનામાંથી કયો પ્રસંગ રામાયણમાં નથી ?

(A) વિશ્વામિત્ર વંશવર્ણન (B) સ્વયમ્ પ્રભાની સહાય

(C) વિશ્વામિત્રનો ગર્વભંગ (D) અંગદવિષ્ટિ

18. નિરંજન ભગતનાં 'પાત્રો' કાવ્યમાં કયું પાત્ર નથી ?

(A) આંધળો (B) ફેરિયો (C) નર્તકી (D) પતિયો

19. નીચેનામાંથી કઈ કૃતિ વિદેશી સર્જકની નથી ?

(A) ધ ફ્રાયર ઑન ધ માઉન્ટેઇન

(B) મધર

(C) ફોન્તામારા

(D) ધ રોડ

20. નીચેનામાંથી કઈ કૃતિનું ફિલ્મ રૂપાન્તરણ થયું નથી ?

(A) માનવીની ભવાઈ

(B) મળેલા જીવ

(C) મારે પણ એક ઘર હોય

(D) આંગળિયાત

21. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) 'વર બદલો'નો ઘટક, વિદ્યાવિલાસ પવાડુ, મંગલકલસ રાસ

(B) સ્વપ્નસુંદરીનો ઘટક, હંસાઉલી, મદનમોહના

(C) પૂર્વભવની કથા, કામાવતીની કથા, નંદબત્રીસી

(D) શીલશંકાનો ઘટક, અંજનાસુંદરી રાસ, કર્પૂરમંજરીની કથા

22. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) કાવ્યપ્રકાશ, મમ્મટ, આઠ ઉલ્લાસ

(B) કાવ્યાદર્શ, દંડી, દસમી સદી

(C) કાવ્યાનુશાસન, હેમચંદ્રાચાર્ય, આઠ અધ્યાય

(D) કાવ્યાલંકાર સાર સંગ્રહ, ઉદ્ભટ, ૭૦ કારિકા

23. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ઉમાશંકર જોશી, અભિરુચિ, શ્રી અને સૌરભ

(B) રા.વિ.પાઠક, સાહિત્યવિમર્શ, આલોકના

(C) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, શબ્દાયન, ઉપાયન

(D) પ્રમોદકુમાર પટેલ, અનુભાવન, તત્પુરુષ

24. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) મલયાલમ, તેલૂગુ, સવર

(B) ચીની, ગારો, માલ્ટો

(C) ખાસી, નિકોબારી, ફૂઈ

(D) બાંગડુ, ખાનદેશી, કુમાઉની

**25.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) શિવલાલ, જેસલપુરા, ભરત મહેતા, મહિપતરામ – નીલકંઠ

(B) કર્નલ ટોડ, જ્યોર્જ બુલ્હર, પિટર્સન

(C) ભરત પંડયા, ભરત ઠાકોર, વિપિન પરીખ

(D) કે. બી. વ્યાસ, જયંત કોઠારી,લિપિ દેસાઈ

**26.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) નવલકથા, આંતરજીવન, વસ્તુ સંકલના

(B) આખ્યાન, ઠવણિ, અક્ષરમેળ છંદ

(C) ફાગુ, ભાસ, કડવાબંધ

(D) ખંડકાવ્ય, મંગલાચરણ, કવિપરિચય

**27.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ટાગોર, ગોરા, વનિતા

(B) તકષી શિવશંકર, ચેમ્મીન, પરિકુટ્ટી

(C) કૃષ્ણા સોબતી, જિંદગીનામા, ફૂલવંતી

(D) ભીષ્મ સહાની, તમસ, સતનામ સિંહ

**28.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) બારીબહાર, ઘાસ અને હું, તવ રંગથી સહુ પતંગ અંગ દે ભરી

(B) છંદોલય, કોલાબા પર સૂર્યાસ્ત,આવતીકાલના સૂર્ય ! તારું વ્યર્થ જ ઉગવું

(C) પ્રતીક, ફૉકલેન્ડ રોડને જોતાં, રે સૂર્યમાં માછલીઓ તરી રહી

(D) અંગત, ઢોલિયે, મારી આંખે કંકુના સૂરજ

**29.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) દોસ્તોયવસ્કી, નોટ્સ ફ્રોમ ધ અન્ડરગ્રાઉન્ડ, લીઝા

(B) હરમાન હેસ, સિદ્ધાર્થ, વિમલા

(C) ઈગ્નાઝિયો સિલોની, ફોન્તામારા, પાવેલ

(D) કામુ, આઉટસાઇડર, માર્વેલ

**30.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ગુજરાત સાહિત્ય અકાદમી, શબ્દસૃષ્ટિ, ગૌરવ પુરસ્કાર

(B) ગુજરાતી સાહિત્ય પરિષદ, પરબ, રણજિતરામ પુરસ્કાર

(C) ભારતીય સાહિત્ય અકાદમી, સમકાલીન ભારતીય સાહિત્ય, જ્ઞાનપીઠ પુરસ્કાર

(D) ગુજરાત વિદ્યાસભા,બુદ્ધિપ્રકાશ, ઉમા-સ્નેહરશ્મિ પુરસ્કાર

**31.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) અસ્તિત્વવાદી, નિત્સે, યાસ્પર્સ

(B) પરાવાસ્તવવાદી, બ્રેંતો, બેન્જામીન પરે

(C) રંગદર્શિતાવાદી, શીલર, ગટે

(D) સ્વરૂપવાદી, વૉલ્ટરપેટર, મુકારાવસ્કી

**32.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નરસિંહ પૂર્વે, રાજશેખર, સ્થુલિભદ્દફાગુ

(B) મધ્યકાળ, પદ્મનાભ, કાન્હડદે પ્રબંધ

(C) સુધારક યુગ, નવલરામ, ભટ્ટનું ભોપાળું

(D) પંડિતયુગ, કલાપી, સ્નેહમુદ્રા

**33.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નર્મદ, જોસ્સો, તત્વશોધકસભા

(B) ગોવર્ધનરામ, સુકથાની મદિરા, અધ્યાત્મજીવન

(C) મેઘાણી, સંધોર્મિનું સાહિત્ય, કાઠિયાવાડી સંતો

(D) સુરેશ જોષી, ઘટના લોપ, સાયુજય

**34.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ષષ્ટિ સષ્ઠિ સાઠ

(B) યતઃ જવઉ જવ

(C) કટિ કડિ કેડ

(D) ષટ્પદ છપ્પાઓ છપ્યો

**35.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) હસુ યાજ્ઞિક, લોકસાહિત્ય વિજ્ઞાન, ગુજરાતી લોકગીત

(B) જયમલ્લ પરમાર, લોકસાહિત્ય વિમર્શ, ચાતુરીની વાતો

(C) પુષ્કર ચંદરવાકર, ખેતરનો ખેડુ, ધરતી ફોરે ફોરે

(D) શાંતિભાઈ આચાર્ય, કચ્છી લોકકથા, હોળીગીતો

**36.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) અંબાલાલ દેસાઈ, શાંતિદાસ, દેશી કારીગરીનો પ્રચાર

(B) મલયાનિલ, રજનું ગજ, સમૂહ માધ્યમ પ્રત્યેનો આક્રોશ

(C) મારી કમલા, મુનશી, નારી મનની સંકુલતા

(D) રા. વિ. પાઠક, મુકુન્દરાય, દેવળશાની દૃષ્ટાંત કથા

**37.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) દ્રૌપદી-પૌરાણિક નવલકથા - બંગાળી

(B) ન હન્યતે : આત્મકથનાત્મક - બંગાળી

(C) માટીનો માનવી : કાલિન્દીચરણ પાણિગ્રહી - ઉડિયા

(D) ગૃહભંગ : રાજેન્દ્ર નાણાવટી : કન્નડ

**38.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) મરણોત્તર, સમુદ્રનો પ્રતીકાત્મક વિનિયોગ, આંતર એકોક્તિ

(B) દીપનિર્વાણ, મૌર્યકાળનું કથાનક, નંદીગ્રામ

(C) ચહેરા, ચાર ખંડ, શબ્દકોશ સળગાવવો

(D) બત્રીસ પૂતળીની વેદના, સગુણાસદન, વિભાવરી

**39.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ટ્રાયલ, ખાલી તપાસ ખંડ, બ્રુસ્તંનર

(B) વેસ્ટલેન્ડ, મરેલાનું કફન, માલ્કમ

(C) મેકબેથ, ડાકણોનું મિલન, ડોનાબ્લેઇન

(D) ભોંયતળિયાનો આદમી, સમાજ વિમુખતા, સિમોનોવ

**40.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નવલકથાનું સમાજશાસ્ત્ર : લ્યુસિઅન ગોલ્ડમાન, મેનેજર પાંડે

(B) સાહિત્ય અને સમાજ : વિદ્યુત જોશી, મીનલ દવે

(C) લોકપ્રિય સાહિત્ય : નીતિન મહેતા, ઉમ્બ્રેતો એકો

(D) સાહિત્ય-સિનેમા : નરેશ ચંદ્રકર, ઉત્પલ ભાયાણી

**41.** નારીવાદી નવલકથા

a. કૂવો

b. વસંતનું એ વન

c. પ્રિયજન

d. મલક

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**42.** એલિયટની કાવ્યવિચારણાના મહત્ત્વનાં બિંદુ

a. પરંપરા અને પ્રયોગ.

b. ટચ સ્ટોનની વિભાવના.

c. કવિતાના ત્રણ અવાજ.

d. સાહિત્ય જીવનની સમીક્ષા છે.

(A) a અને b (B) b અને c (C) c અને d (D) a અને c

**43.** ગુજરાતી નવલકથાવિચારણા કરનાર પ્રમુખ વિવેચકો

a. ચંદ્રકાન્ત ટોપીવાળા

b. સુંદરમ્

c. સુરેશ જોષી

d. પ્રમોદકુમાર પટેલ

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**44.** ગુજરાતીની પ્રથમ ભૂમિકાની ભાષાનાં લક્ષણો

a. 'છ' અને 'હો'નાં રૂપો સહાયકારક ક્રિયાપદ તરીકે પ્રયોજાય.

b. 'કર્મણિ'નું 'આ' રૂપ.

c. વર્તમાનકાળ પ્રથમ પુરૂષ બહુવચનમાં 'ઇએ' રૂપ.

d. પુલ્લિંગ પ્રથમા-દ્વિતીયાના એકવચનમાં 'ઉ'નો 'અ'.

(A) a, b, c સાચાં (B) a, c, d સાચાં (C) c અને d સાચાં (D) a અને d સાચાં

**45.** આદિવાસી સાહિત્ય સંશોધકો

a. મેરુ વાઢેળ

b. રેવાબહેન તડવી

c. પ્રભુદાસ પટેલ

d. અમૃત ચૌધરી

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**46.** સોનેટનું બંધારણ

a. સોનેટ ચાર પ્રકારે લખાય છે.

b. ૧૪ પંક્તિનું હોય છે.

c. અછાંદસ સોનેટ પણ લખી શકાય.

d. માત્રામેળ છંદ એની ઓળખ છે.

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**47.** 'તમસ' નવલકથા

a. પાંચ દિવસની કથા છે.

b. મુખ્યનાયક સતનામસિંહ છે.

c. ૩૨ પ્રકરણોની કથા છે.

d. નારાયણ દેસાઈએ અનુવાદ કરેલ છે.

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**48.** સમસ્વરૂપી કૃતિઓ છે.

a. ધ્વનિ, આગંતુક, ચહેરા.

b. ગીધ, પ્રતીક, નઘરોળ.

c. બાપાની પીંપર, ખરા બપોર, અંધારી ગલીમાં સફેદ ટપકાં.

d. પાદરનાં તીરથ, ગીધ, કૂવો

(A) a અને b (B) b અને c

(C) c અને d (D) d અને a

**49.** ફેન્તામારા

a. ત્રણ કથક

b. પૃથ્વીને પુનઃ રચવાની મથામણ

c. કેલ્ચઝ

d. 'ત્યારે આપણે કરીશું શું?'

(A) a, b, d સાચાં (B) a, c, d સાચાં

(C) a, c સાચાં (D) b, c સાચાં

**50.** લોકપ્રિય નવલકથા

a. મનોરંજનનો આશય

b. કળાત્મક ગુણવત્તા અલ્પ

c. પ્રતીકાત્મક અને કલ્પનપ્રચુર

d. વિવેચકો દ્વારા પ્રશિષ્ટમાં સમાવિષ્ટ

(A) a અને b (B) b અને c (C) c અને d (D) d અને a

**51.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. અર્વાચીન કવિતા | i. સુંદરમ્ |
| b. ક્લાસિકલ પોએટ્સ ઓફ ગુજરાત | ii. રા.વિ. પાઠક |
| c. અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો | iii. ગોવર્ધનરામ ત્રિપાઠી |
| d. સાઠીના સાહિત્યનું દિગ્દર્શન | iv. ડાહ્યાભાઈ દેરાસરી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | ii | iv | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | i | iii | ii | iv |
| (D) | ii | iv | iii | i |

52. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. મનોભાષા | i. ક્લીન્થ બ્રૂક્સ |
| b. સંદિગ્ધતા | ii. લકાં |
| c. ક્ષમતા અને પ્રયોગ | iii. દેરિદા |
| d. તત્ત્વકેન્દ્રિતા | iv. ચોમસ્કી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | i | iv | ii |
| (B) | ii | i | iv | iii |
| (C) | i | ii | iii | iv |
| (D) | iv | i | ii | iii |

53. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. ભાષાકેન્દ્રી વિવેચન | i. રમણભાઈ નીલકંઠ |
| b. લિરિકની વિચારણા | ii. બળવંતરાય ઠાકોર |
| c. રસાભાસની ચર્ચા | iii. સુરેશ જોષી |
| d. વિશ્વસાહિત્યની વિચારણા | iv. ચંદ્રકાન્ત ટોપીવાળા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | ii | i | iii |
| (C) | iv | ii | iii | i |
| (D) | iv | i | ii | iii |

54. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. અયોગાત્મક | i. બાસ્ક |
| b. અશ્લિષ્ટ યોગાત્મક | ii. ગ્રીક |
| c. શ્લિષ્ટ યોગાત્મક | iii. તૂર્કી |
| d. પ્રશ્લિષ્ટ યોગાત્મક | iv. સુદાની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | iii | i | ii | iv |
| (C) | i | iii | iv | ii |
| (D) | ii | iii | iv | i |

55. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. ભૃગીપુરાણ | i. ઉત્પલ પટેલ |
| b. ડોશીમાની વાતો | ii. ઝવેરચંદ મેઘાણી |
| c. દૂધે ભરી તલાવડી | iii. અંબાદાન રોહડિયા |
| d. કચ્છ બન્નીનો લોકસાંસ્કૃતિક સંદર્ભ | iv. ભરત પંડયા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | i | iv | ii |
| (B) | iii | ii | iv | i |
| (C) | ii | iii | i | iv |
| (D) | iii | ii | i | iv |

56. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. સાપના ભારા | i. જીવનચરિત્ર |
| b. ખરા બપોર | ii. ટૂંકીવાર્તા |
| c. અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ | iii. લલિતનિબંધ |
| d. વિદિશા | iv. એકાંકી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | i | ii |
| (B) | iv | ii | i | iii |
| (C) | iii | iv | ii | i |
| (D) | i | ii | iii | iv |

57. સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. આરોગ્યનિકેતન | i. રમણીક મેઘાણી |
| b. ધરતી ખોળે પાછો વળે | ii. પ્રભાકર મંગળવેઢેકર |
| c. ચેમ્મીન | iii. કમલ જસાપરા |
| d. માટીનો માનવી | iv. ઉત્તરા દેસાઈ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | iii | iv | ii |
| (B) | ii | i | iii | iv |
| (C) | i | ii | iii | iv |
| (D) | iv | ii | iii | i |

**58.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. એ સૂર્યને પણ આજ તો સૂરજમુખીનું ફૂલ | i. ધ્વનિ |
| b. સુંદર ! બહુરિ કુટિલ તવ છલના | ii. આઠો જામ ખુમારી |
| c. શ્રાવણની સાંજનો તડકો ઢોળાયો મારા ચોકમાં | iii. બહિષ્કૃત ફૂલો |
| d. મારા શામળિયે મારી હૂંડી પૂરી | iv. પ્રતીક |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | ii | i | iii | iv |
| (B) | iv | iii | ii | i |
| (C) | ii | i | iv | iii |
| (D) | iii | i | iv | ii |

**59.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. વિશ્વસાહિત્ય | i. રેનેવેલેક |
| b. વ્યાપક સાહિત્ય | ii. ફ્રેડરિક સ્લેગલ |
| c. વિશ્વકાવ્ય | iii. ગેટે |
| d. તુલનાત્મક સાહિત્ય | iv. મેથ્યુ આર્નોલ્ડ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | i | iv | ii |
| (B) | iii | ii | iv | i |
| (C) | iii | i | ii | iv |
| (D) | ii | iii | iv | i |

**60.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. વેશ | i. જશવંત ઠાકર |
| b. નાટક | ii. મધુકર રાંદેરિયા |
| c. રંગભૂમિ | iii. વિનાયક રાવળ |
| d. ગુજરાતી નાટ્ય | iv. નૃસિંહ વિભાકર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | i | iii | ii |
| (B) | iii | i | iv | ii |
| (C) | ii | i | iv | iii |
| (D) | i | iii | iv | ii |

**61.** કાળક્રમમાં ગોઠવો.

a. પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.

b. ચાલો સખી જોવાને જઈએ શ્રીગોકુલ આંબો મોર્યો.

c. હાવાં હું સખી, નહિ બોલું રે નંદકુંવર સંગે.

d. ફૂલનો પછેડો ઓઢું પ્રેમ ઘાટડી રે.

(A) b, a, d, c (B) c, d, a, b (C) a, d, b, c (D) b, d, a, c

**62.** કાળક્રમમાં ગોઠવો.

a. મિશેલ ફૂકો

b. કૉલરિજ

c. સોસ્યુર

d. જુલિયા ક્રિસ્ટિવા

(A) a, c, b, d (B) b, c, a, d (C) c, d, b, a (D) d, a, b, c

**63.** કાળક્રમમાં ગોઠવો.

a. 'ઉપક્રમ'

b. 'લિરિક'

c. 'કાવ્યતત્વવિચાર'

d. 'ઉપાયન'

(A) b, c, d, a (B) b, c, a, d (C) b, d, a, c (D) b, a, c, d

**64.** કાળક્રમમાં ગોઠવો.

a. રત્તઉ

b. રકતક:

c. રત્તઓ

d. રાતો

(A) a, c, d, b (B) d, a, b, c (C) b, c, a, d (D) c, b, d, a

**65.** કાળક્રમમાં ગોઠવો.

a. ચારણ અને ચારણી સાહિત્ય

b. સંશપ્તક

c. ગુજરાતી લોકસાહિત્ય

d. ધરતી ફોરે ફોરે

(A) b, c, a, d (B) c, a, d, b (C) a, d, c, b (D) d, c, b, a

**66.** કાળક્રમમાં ગોઠવો.

a. એકાંકીમાં અભિયોગ.
b. એકાંકીમાં ઉત્કર્ષબિંદુ.
c. એકાંકીમાં નિર્વહણ.
d. એકાંકીમાં ગૂંચ.

(A) a, b, c, d
(B) d, a, b, c
(C) a, d, c, b
(D) a, d, b, c

**67.** કાળક્રમમાં ગોઠવો.

a. ચારુદત્ત પર મૃત્યુનો આરોપ.
b. આર્યક અને ચારુદત્તનું મિલન.
c. વસંતસેનાનું પુષ્પકરંડક જવું.
d. બૌદ્ધ ભિક્ષુક શકારની વાડીમાં.

(A) a, b, c, d
(B) c, b, d, a
(C) c, d, b, a
(D) c, a, b, d

**68.** કાળક્રમમાં ગોઠવો.

a. રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા.
b. પાઈ પાઈ પ્રેમ પાન પ્રથમ તેં પુષ્ટ કર્યો.
c. તમે રે તિલક રાજા રામના.
d. શિશુઓનું ! હાસ્ય મારી કવિતાનો શુભ્રછંદ.

(A) a, b, c, d
(B) b, a, c, d
(C) b, c, d, a
(D) b, d, c, a

**69.** કાળક્રમમાં ગોઠવો.

a. મિત્રતા આપણી વચ્ચે, સર્વથા અસંભવ.
b. ટુમોરો એન્ડ ટુમોરો એન્ડ ટુમોરો.
c. એપ્રિલ ઈઝ ધ ક્રુઅલેસ્ટ મંથ.
d. નથિંગ ટુ બી ડન.

(A) d, c, b, a
(B) a, b, d, c
(C) b, c, d, a
(D) a, b, c, d

70. કાળક્રમમાં ગોઠવો.

a. ડાંડિયો.

b. પ્રિયંવદા.

c. પ્રસ્થાન

d. ક્ષિતિજ.

(A) a, c, b, d

(B) a, d, b, c

(C) a, b, c, d

(D) a, b, d, c

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) જોસેફ મેકવાનની એક નવલકથાનું નામ 'દરિયા' છે.

(R) એમાં દરિયાનો પરિવેશ છે.

(A) (A) અને (R) બંને સાચાં છે

(B) (A) અને (R) બંને ખોટાં છે

(C) (A) સાચું છે (R) ખોટું છે

(D) (A) ખોટું છે (R) સાચું છે

72. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) કૃતિ ભાવક દ્વારા રચાય છે.

(R) પાઠ સર્જક દ્વારા રચાય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે

(B) (A) અને (R) બંને ખોટાં છે

(C) (A) સાચું છે,(R) ખોટું છે

(D) (A) ખોટું છે,(R) સાચું છે

73. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) વાર્તામાં વિવેચનને સાંકળી લેવાનો પ્રયોગ દ્વિરેફે કર્યો છે.

(R) દ્વિરેફ પ્રયોગશીલ વિવેચક છે.

(A) (A) અને (R) બંને સાચાં છે

(B) (A) અને (R) બંને ખોટાં છે

(C) (A) સાચું છે,(R) ખોટું છે

(D) (A) ખોટું છે,(R) સાચું છે

74. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'સીમાથી વંચાય છે' – આ વાક્ય ભાવેપ્રયોગ છે.

(R) ભાવેપ્રયોગમાં ક્રિયાપદ અકર્મક હોય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે,(R) ખોટું છે.

(D) (A) ખોટું છે,(R) સાચું છે.

**75.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'હાઈપોથીસિસ' નો ગુજરાતી પર્યાયવાચી શબ્દ 'વિચારણા' છે.

(R) શોધનિબંધમાં 'વિચારણા' કેન્દ્ર સ્થાને હોય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે,(R) સાચું છે.

**76.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) આખ્યાનમાં મૂર્તતા કરતાં અમૂર્તતા વિશેષ હોય છે.

(R) આખ્યાનમાં ધ્વન્યાર્થ અમૂર્ત હોય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**77.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) છંદોબદ્ધ કાવ્યનો અનુવાદ કરવો, બીજું કાવ્ય રચવા જેવું છે.

(R) દરેક ભાષાના ઘટકોને પોતાનો આગવો લય હોતો નથી.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**78.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'હઠ મૂકો હઠીલા રાય! હો રે હઠીલા રાણા' આ કાવ્યપંક્તિ મીરાંની છે.

(R) રાણાજી એ સમગ્ર ગુજરાત પર વિજય મેળવવાની હઠ પકડી હોય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે.

(B) (A) અને (R) બંને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**79.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો

(A) 'આઉટસાઈડર' અસ્તિત્વવાદી નવલકથા છે.

(R) 'આઉટસાઈડર' નવલકથામાં એલિયેનેશન જોવા મળે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે

(B) (A) અને (R) બંને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

80. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો
(A) હરીશ નાગ્રેચાની 'કેટવોક' વાર્તામાં સૌંદર્યસ્પર્ધાનું નિરૂપણ છે.
(R) સૌંદર્યસ્પર્ધા વૈશ્વિકીકરણનો પ્રભાવ છે.
(A) (A) અને (R) બંને સાચાં છે
(B) (A) અને (R) બંને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

81. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.
a. 'અશ્વત્થામા' મધુ રાયનું નાટક છે.
b. 'અશ્વત્થામાની સ્વગતોકિત' હસમુખ પાઠકનું દીર્ઘકાવ્ય છે.
(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

82. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.
a. સ્ટીફન ગ્રીનબાલ્ટ નવ્યઈતિહાસવાદી છે.
b. 'રેનેસાંસ રીફ્રેશનિંગ' સ્ટીફન ગ્રીનબાલ્ટનો ગ્રંથ છે.
(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

83. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.
a. 'વિવેચન એટલે આસ્વાદમૂલક અવબોધકથા' – ઉમાશંકર જોશી.
b. વિશ્વનાથ ભટ્ટે વિવેચનને પૂજા અને પ્રાર્થના ગણાવ્યું છે.
(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

84. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.
a. બહુવ્રીહિ સમાસ વિશેષણનું કાર્ય કરે છે.
b. અવ્યયીભાવ સમાસ ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે.
(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**85.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. 'સિમ્પોઝિયમ'નો ગુજરાતી પર્યાય 'વિચારગોષ્ઠિ' થાય છે.

b. વાસ્તવના તથ્યને કલાના સત્યમાં રૂપાન્તર કરવા માટે કલ્પનાનું તત્ત્વ સહાયભૂત છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**86.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. 'ભવાઈ' લોકસાહિત્યનું સ્વરૂપ છે.

b. 'ભવાઈ' ગ્રંથના લેખક કૃષ્ણકાંત કડકિયા છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**87.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. મહાભારતના 'આદિપર્વ'માં સર્પસત્રનો પ્રસંગ છે.

b. 'કર્ણભાર' વ્યાયોગ પ્રકારનું નાટક છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**88.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. 'મેળો' નિબંધ 'દૂરના એ સૂર' નો નિબંધ છે.

b. 'મોરના પિચ્છધર' 'દૂરના એ સૂર' નો નિબંધ છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**89.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. 'રાઈનોસરોસ' એબ્સર્ડ નાટક નથી.

b. 'ધ રોડ' વોલ સોયન્કાનું નાટક છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

**90.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

a. 'ગણશત્રુ' ફિલ્મ ઇબ્સનના નાટક પર આધારિત ફિલ્મ છે.

b. 'ગણશત્રુ' ઋત્વિક ઘટક દિગ્દર્શિત ફિલ્મ છે.

(A) a અને b બન્ને વિધાનો સાચાં છે
(B) a અને b બન્ને વિધાનો ખોટાં છે
(C) a વિધાન સાચું છે, b વિધાન ખોટું છે
(D) a વિધાન ખોટું છે, b વિધાન સાચું છે

નીચેના કાવ્યને આધારે પ્રશ્નોના ઉત્તર આપો.
[પ્હેલો રવાના પ્રિયકાન્તને કર્યો]

ગોપી કને દાણ હવે લઉં ના,
ખાલી પડી ગોરસની મટુકી,
વર્ષો થયાં ગોકુલથી ગયાને,
સ્થંભી ગઈ ક્યારની રાસલીલા.

ના એની એ તો યમુના વહે છે,
કદમ્બના વૃક્ષસમું વિલાયું
વ્હાલું હતું જે વ્રજ લીલું લીલું.

મીરાં, દયારામ અનેક તે પછી
ભજી ગયાં ભાવપ્રચૂર, કિન્તુ

વિચિત્ર છે સાંપ્રત ચિત્ર કૈંક
મારી પ્રીતે ગીત તમે કાર્ય કરો,
પ્રીતે તમારી કશુંયે કરો નહીં.
પ્રતારણા-પ્રીત-પ્રયોજના છતી.
મારા થકી કાળ વિશેષ ગાળો
દીઠી નહીં તે સહ રાધિકાની.

વર્ષો થયાં શબ્દ ન એક બોલ્યો,
હવે પછી ગુર્જર ગીતકારો,
કયાંયે કર્યું કાવ્ય કશુંય કૃષ્ણનું-
એકકેક આનો કૃતિદીઠ લૈશ હું
(ખિસ્સે તમારે યદિ લભ્ય હોય તો !)
ગોપી કને દાણ હવે લઉં ના.

-પ્રિયકાન્ત મણિયાર

**91.** પ્રસ્તુત કાવ્ય કોને ઉદ્દેશીને રજૂ કરવામાં આવ્યું છે ?
(A) સમાજને (B) કૃષ્ણને (C) રાધાને (D) ગીતકારોને

**92.** પ્રસ્તુત કાવ્યનો કથક કોણ છે ?

(A) કવિ (B) ભાવક (C) કૃષ્ણ (D) ભક્ત

**93.** કાવ્યમાં 'પ્રતારણા-પ્રીત-પ્રયોજના' શબ્દો દ્વારા ક્યાં ભાવ રજૂ થયો છે ?

(A) પ્રણયભાવના (B) વાત્સલ્ય (C) કટાક્ષ (D) સહાનુભૂતિ

**94.** સાંપ્રત મનુષ્યના જીવનમાં કાવ્યનાયક શું ઝંખે છે?

(A) રાસલીલા (B) ગોરસની મટુકી

(C) કદંબ વૃક્ષ (D) આત્મલક્ષી પ્રણયભાવના

**95.** કાવ્યનાયકની અંતિમ માગણી શી છે ?

(A) શુદ્ધ પ્રણયભાવની (B) રાસલીલાની

(C) દાણની (D) રોકડ વળતરની

નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

વીસમી સદીના સર્જકો પર બીજો પ્રભાવ ફ્રોઈડનો પડ્યો. ફ્રોઈડના મનોવૈજ્ઞાનિક પ્રયોગોએ અચેતન મનનો એક વિશાળ પ્રદેશ સર્જકો સામે ખુલ્લો કર્યો. એટલે વીસમી સદીના સર્જકોનું લક્ષ બાહ્ય વસ્તુજગતને આલેખવા પરથી ખસીને ચૈતસિક વાસ્તવને આલેખવા તરફ વળ્યું. ઇન્દ્રિયોથી અનુભવાતા વસ્તુજગતનો જ સ્વીકાર ૧૯મી સદીના વાસ્તવવાદી સર્જકોએ કરેલો. ઇન્દ્રિયપ્રત્યક્ષ નહીં એવા વાસ્તવનો એમણે સદંતર ઇનકાર કર્યો હતો. તેથી ચૈતસિક વાસ્તવનો તાગ લેવા મથતી વીસમી સદીની નવલકથાઓ ૧૯મી સદીના વાસ્તવવાદના ખ્યાલો મુજબ વાસ્તવવાદી નવલકથાઓ ન કહી શકાય. પરંતુ વાસ્તવ એટલે ઇન્દ્રિયપ્રત્યક્ષ વસ્તુજગત જ નહીં, એ વસ્તુજગતના સંનિકર્ષથી સભાન-અભાન ચિત્રમાં ઉઠતાં અનેકાનેક વિચારો, એષણાઓ, ઝંખનાઓ ને લાગણીઓમાંથી બંધાતું વિવિધ રૂપોવાળું મનુષ્યનું સંકુલ મનોવિશ્વ એ પણ એક પ્રકારનું વાસ્તવ છે; એ ચૈતસિક વાસ્તવ છે. એ ચૈતસિક વાસ્તવનું યથાતથ આલેખન કરવાના પુરુષાર્થમાંથી જ જેમ્સ જોય્સ, વર્જિનિયા વુલ્ફ કે પ્રુસ્તની નવલકથાઓ જન્મી છે. 'UIYSSES' 'Finnegans Wake' 'Mrs. Dalloway' 'Remembrance of the Things Past' આ પ્રકારની ચૈતસિક વાસ્તવવાદવાળી નવલકથાઓ છે.

**96.** ૧૯મી સદીની નવલકથાથી ૨૦મી સદીની નવલકથા કઈ રીતે જુદી છે ?

(A) સામાજિક વાસ્તવના નિરૂપણથી (B) સંસ્કૃતિના સ્વીકારથી

(C) મનોવાસ્તવના આલેખનથી (D) સાંપ્રત સમસ્યાના યથાતથ નિરૂપણથી

97. ૧૯મી સદીના સર્જકોના સાહિત્યમાં શાનો નકાર છે?

(A) ઇન્દ્રિયપ્રત્યક્ષ વાસ્તવનો

(B) ઇન્દ્રિયગ્રાહ્ય વાસ્તવનો

(C) ઇન્દ્રિયવ્યત્યય વાસ્તવનો

(D) ઇન્દ્રિયપ્રત્યક્ષ વિનાના વાસ્તવનો

98. કયા સર્જકોની નવલકથામાં ચૈતસિક વાસ્તવનું નિરૂપણ નથી ?

(A) વૉલ્ટર સ્કોટ

(B) જેમ્સ જોયસ

(C) વર્જિનિયા વુલ્ફ

(D) પ્રુસ્ત

99. 'Remembrance of the Things Past' કોની નવલકથા છે ?

(A) જેમ્સ જોયસ

(B) પ્રુસ્ત

(C) વર્જિનિયા વુલ્ફ

(D) કાફકા

100. ૨૦મી સદીના લેખનમાં ક્યા અભિગમથી વળાંક આવ્યો હતો ?

(A) પ્રશિષ્ટતાવાદી

(B) વાસ્તવવાદી

(C) રંગદર્શી

(D) મનોવૈજ્ઞાનિક

## Space for Rough Work